**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરમાં બેવડી ૠતુનો માહોલ...!!

## લઘુત્તમ તાપમાન વધીને ૧૬.૨ જયારે મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીએ પહોંચ્યું : શહેરીજનોને પંખા ચાલુ કરવા પડયા : બેવડી ૠતુના કારણે નાની-મોટી શારિરીક તકલીફોથી શહેરીજનો ત્રસ્ત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં ફરી એકવાર વાતાવરણમાં પલટો આવ્યો છે અને એકાએક વાતાવરણમાં લઘુત્તમ તમાપન ૨ ડિગ્રી સે. જેટલું વધી જતાં શહેરીજનોને ગરમીનો માહોલ અનુભવાઈ રહ્યો છે. આજે શહેરમાં તાપમાનનો પારો ૩૪ ડિગ્રી સુધી ગયો હતો અને લઘુત્તમ તાપમાન જે બે દિવસ પહેલા ૧૪ ડિગ્રીથી પણ નીચું જતું રહેવા પામ્યું હતું તે વધીને ૧૬.૨ ડિગ્રી સે. સુધી રહ્યું હતું. ઠંડીનું પ્રમાણ ઘટતાં શહેરીજનોને ફરી પંખા ચાલુ કરવાની નોબત આવી હતી. બેવડી ૠતુના માહોલને કારણે નાની મોટી બિમારીઓનું પ્રમાણ પણ વધ્યું છે.

શિયાળાના પ્રારંભથી જ શહેરમાં તાપમાનમાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યા છે. પરંતુ છેલ્લા સપ્તાહમાં લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિગ્રી સુધી ગગડી જતાં ગાંધીનગર રાજયનું સૌથી ઠંડુ શહેર બન્યું હતું. આ સમયે એવું લાગતું હતું કે હવે ઠંડી વધતી જશે પરંતુ આ ધારણા ખોટી પડતા ફરી એકવાર શહેરમાં ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે અને લઘુત્તમ તમાપન ૧૬ ડિગ્રી કરતા પણ ઉપર રહેવા પામ્યું છે. શહેરમાં ગરમીનો અહેસાસ થતા જ શહેરીજનોને એસી પંખાનો ઉપયોગ કરવો પડયો છે. જો કે રજાનો દિવસ હોવાથી શહેરમાં વાતાવરણને કારણે કોઈખાસ ચહલ પહલ જોવા મળી નહોતી.

ગાંધીનગરમાં આજે સવારે ભેજનું પ્રમાણ ૮૦ ટકા હતું જે સાંજે ઘટીને ૪૯ ટકા સુધી રહેવા પામ્યું હતું. જો કે વાતાવરણમાં વારંવાર ફેરફારથી શહેરીજનોને ડબલ ૠતુનો અનુભવ થઈ રહ્યો છે અને જેના કારણે ૠતુજન્ય બિમારીઓ જેવી કે તાવ-શરદી-ખાંસી માથું દુઃખવું, હાથ પગ તુટવા, એસીડીટી થવી જેવી સમસ્યાઓ વધી રહી છે.

## સેકટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટરમાં તસ્કરોએ હાથ અજમાવ્યો

### રોકડ અને ડ્રેસ - સાડી મળીને ૨૬ હજારની મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં મકાનો તો ઠીક હવે દુકાનો પર સલામત રહી નથી. તાજેતરમાં તહેવારો દરમ્યાન બંધ મકાનોના તાળા તોડીને તસ્કરો અંદરથી હાથફેરો કરી કળા હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી હતી. દરમિયાન હવે દુકાનોના તાળા તોડી અંદરથી ચોરી કરી ગયાની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. શહેરના સેક્ટર-૨૧ ખાતે આવેલી ડીસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટરની એક ગારમેન્ટ શોપમાં ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. બંધ દુકાનના તાળા તોડી અંદરથી કાપડનો માલ-સામાન તથા વકરો મળી રૂપિયા ૨૬ હજારની મત્તાની ઉઠાંતરી કરી રફુચક્કર થઈ ગયા હોવાનું ધ્યાને આવતા વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

૬૯ વર્ષિય કાપડનાં વેપારી ચંપકલાલ ચુનિલાલ શાહે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ સેક્ટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટરમાં રેમન્ડ શોપની ઉપર દુકાન નંબર-૨૦૮માં નિલેષ એમ્પોરિયમ નામની કપડાની દુકાન ચલાવે છે. ૧૫ નવેમ્બરે રાત્રે સાડા નવ વાગ્યે દુકાન બંધ કર્યા બાદ ૧૬મીએ સવારે તેઓ પરત દુકાને આવ્યા ત્યારે દુકાનનાં બંને તાળા તુટેલા અને શટર સામાન્ય ખુલ્લુ જોવા મળ્યુ હતું. દુકાન માલિક ચંપકલાલ શાહે અંદર જઈ તપાસ કરતાં દુકાનનો સરસામાન અસ્તવ્યસ્ત પડેલો જોવા મળ્યો હતો. દુકાનમાંથી પેન્ટ-શર્ટના કાપડ, કુર્તી, સાડી, લેડીસ ડ્રેસ મળી ૧૫ હજારની કિંમતનાં કપડા અને ડ્રોઅરમાં મુકેલા ૧૧ હજાર રોકડ ગાયબ હતા. ૧૬ થી ૧૯ નવેમ્બર વચ્ચે સામાજિક પ્રસંગે બહાર ગામ ગયેલા વેપારીની બંધ દુકાનને ટાર્ગેટ કરી તસ્કરોએ હાથ અજમાવી ચોરી કરી લીધી હતી. વેપારીએ આ મામલે મંગળવારે ફરિયાદ નોંધાવતા સે-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## ઝાંક પાસે ચાલતા વરલી મટકાના જુગાર પર એલસીબીનો દરોડો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની ટીમના પીએસઆઈ એચ. કે. સોલંકી, હેડ કોન્સ્ટેબલ રણજીતસિંહ તથા સુરેશકુમાર સહિતના માણસો દહેગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન રણજીતસિંહને બાતમી મળી હતી કે ઝાંક ગામે વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો છે. એલસીબીએ ઝાંક ગામે દરોડો પાડીને ત્રણ શખ્સોને પકડી પાડ્યા હતા. ઝાંક ખાતેના વડવાળા મંદિરની પાછળ રહેતા હિતેશ દશરથભાઈ ઠાકોર, વિનોદ લખાભાઈ પટેલ અને જલુન્દ્રા ગામના કનુભાઈ ઉદેસિંહ સોલંકીને રોકડ રૂ. ૬૪૮૦ સાથે ઝડપી પાડ્યા હતા.

આ શખ્સો પૈકી હિતેશ ઠાકોર વરલી મટકાનો આંક લખતો હતો. જેની પુછરપછ કરતાં તે ઝાંક ગામમાં ઠાકોરવાસમાં રહેતાં મંજુલાબહેન રમતુજી ઠાકોરના કહેવાથી આંક લખતો હોવાનું બહાર આવ્યુ છે. જેને પગલે પોલીસે તે તમામ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હત્યાના ગુનામાં વોન્ટેડ આરોપીઓ ઉવારસદ ચોકડીથી પકડાયા

### અડાલજ પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી રાણીપ પોલીસને સોંપ્યા




ગાંધીનગર, તા. ૨૧

અડાલજ પીઆઇ જે.જી.વાઘેલાની સૂચનાથી તેમની ટીમ ઈદ-એ-મિલાદ અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા ઉવારસદ ચોકડી પાસે તૈનાત હતી તે દરમિયાન તેમની સર્વેલન્સ સ્કવોડના પીએસઆઇ એ.જી.એનૂરકાર તથા સ્ટાફને સંયુક્ત બાતમી મળી હતી કે અમદાવાદના રાણીપ પોલીસ સ્ટેશનના હત્યાના ગુનામાં નાસતા ફરતા બે આરોપીઓ ઉવારસદ ચોકડી પાસે આવ્યા છે. આ બાતમી આધારે વોચ ગોઠવીને અડાલજ પોલીસની ટીમે બંને આરોપીઓને પકડી પાડયા હતા. રાણીપ પોલીસ સ્ટેશનના હત્યાના ગુનામાં નાસતા ફરતા બંને આરોપીઓ રાજેશ ઉર્ફે રાજુ હીરાચંદ શાહ અને પોપટલાલ હીરાચંદ શાહની અટકાયત કરી અડાલજ પોલીસે તેમની સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

બંને આરોપીઓને રાણીપ પોલીસને સોંપવા ગતિવિધિ તેજ કરી છે.

## સે-૨૧ જીમખાના ખાતે ઑલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ સ્વીમીંગ ટૂર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતેના સચિવાલય જીમખાનાના સ્વીમીંગ પુલ ખાતે આગામી તા. ૨૭મી નવેમ્બરે ઑલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ સ્વીમીંગ ટૂર્નામેન્ટ ૨૦૧૮-૧૯ યોજાશે. આ ટૂર્નામેન્ટના ઉદઘાટન પ્રસંગે તા. ૨૭મી નવેમ્બરે સવારે ૯ કલાકે રાજયના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘ, અતિથિવિશેષ પદે અધિક મુખ્ય સચિવ સંગીતાસિંહ તથા મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમાર ઉપસ્થિત રહેશે. ટૂર્નામેન્ટનું આયોજન સચિવાલય વેલ્ફેર કમિટિ દ્વારા કરવામાં આવ્યું છે. જે સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ કલ્ચરલ એન્ડ સ્પોર્ટસ બોર્ડના નેજા હેઠળ આ સ્પર્ધાનું આયોજન કરી રહ્યા છે. ટૂર્નામેન્ટમાં દેશભરમાંથી સિવિલ સર્વિસીસમાં કાર્યરત તરણવીરો સ્પર્ધામાં ભાગ લેવા પધારશે.

## સે-૨ના બગીચામાં બંધ લાઈટોથી રહીશો ત્રસ્ત...!!

એક તરફ દિવાળીથી દેવ દિવાળીનો દિપોત્સવ ચાલી રહ્યો છે અને દરેક વ્યકિત પોતાના ઘરને દિવડા તથા વધારાના લાઈટીંગ થકી રોશની કરી શણગારી રહ્યા છે શહેરમાં ઉત્સવનો માહોલ છે પરંતુ ગાંધીનગરના સેકટર-૨માં બગીચા ખાતે સાંજ પડતા જ અંધકારનું સામ્રાજય છવાઈ જાય છે કારણ કે બગીચાની મોટા ભાગની સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે. આ સ્થિતિમાં સેકટરવાસીઓ જેઓ સાંજના સમયે અથવા વહેલી સવારે બગીચાનો સ્વાસ્થ્ય હેતુસર અથવા મિત્રો સાથે હળવા થવા ઉપયોગ કરે છે તેમને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ નાગરિકોમાં વરિષ્ઠ વડિલો તથા મહિલાઓ સહિત અહીં રમવા આવતા બાળકોનો પણ સમાવેશ થાય છે જેમના માથે બગીચાની બંધ લાઈટોના કારણે અસામાજીક તત્વો દ્વારા ચેઈન સ્નેચીંગ કે અન્ય દુષ્કર્મ વગેરેનો ખતરો ઉભો થવા પામ્યો છે તેથી સત્વરે આ બંધ લાઈટો ચાલુ કરવામાં આવે તેવી આ વિસ્તારની જનતામાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

## ગુજરાત વિધાનસભાની તમામ કાર્યવાહી પેપર લેસ બનશે

ગાંધીનગર,તા.૨૧

'ડિજિટલ ઈન્ડિયા' અંતર્ગત ગુજરાતમાં સરકારી કામકાજનું ડિજિટિલાઈઝેશન કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગુજરાત વિધાનસભાની તમામ કાર્યવાહીને પેપરલેસ બનાવવાના હેતુથી વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને વિધાનસભા ખાતે 'નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન' અંતર્ગત તા. ૨૬ નવેમ્બર-૨૦૧૮થી બે-દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ દ્વારા નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન ગુજરાતની નેશનલ એવોર્ડ વિજેતા ટીમને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

વિધાનસભા ખાતે તા.૨૬ અને ૨૭ નવેમ્બર-૨૦૧૮ દરમિયાન સવારે ૧૧-૦૦ કલાકે બે દિવસીય વર્કશોપમાં નેશનલ ઈ-વિધાન એપ્લિકેશનની વિશેષતાઓ ટેકનિકલ પાસાઓ, નેશનલ ઈ-વિધાન એપ્લિકેશનની સંસદીય ટીમ દ્વારા માસ્ટર ડેટા એન્ટ્રીની પદ્ધતિની સમજ, નેશનલ ઈ-વિધાન એપ્લિકેશનનો લાઈવ ડેમો અને પ્રશ્નોતરી સહિતના વિવિધ સત્રો યોજાશે. જેમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ, નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન ટીમ અને એનઆઈસીના અધિકારીઓ, તજજ્ઞો નેશનલ ઈ-વિધાન એપ્લિકેશનના અમલીકરણ અંગે માર્ગદર્શન આપશે.

## ભાજપનું રાષ્ટ્રીય મહિલા અધિવેશન ડિસેમ્બરમાં ગુજરાત ખાતે યોજાશે

ગાંધીનગર,તા.૨૧

લોકસભાની ચૂંટણી જીતવા ભાજપે તેના તમામ શસ્ત્રો સજાવવાનું શરુ કરી દીધું છે. સરકાર દ્વારા લેવાતા પ્રજાલક્ષી નિર્ણયો જન જન સુધી પહોંચે તે માટે ભાજપ શાસિત રાજ્યો કેન્દ્ર સરકાર વધુ સક્રીય બની છે અને પક્ષના સંગઠનને પણ વિવિધ આયામો શરુ કર્યા છે જેના ભાગરુપે આગામી તા ૨૨ – ૨૩ ડિસેમ્બર ના રોજ ગુજરાતમાં ભાજપનું રાષ્ટ્રીય મહિલા અધિવેશન યોજવાની તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે.

આ અધિવેશન માટે અમદાવાદ અથવા ગાંધીનગર પૈકી કોઈ એક સ્થળની પસંદગી કરવા પક્ષના મોવડીઓ સ્થળ ઉપર નજર દોડાવી રહ્યા છે અને ટૂંક સમયમાં જ સ્થળની પસંદગી કરી લેવામાં આવશે.

ભાજપ મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ વિજયા રાવકર ની ઉપસ્થિતિમાં યોજાનારા આ રાષ્ટ્રીય અધિવેશન નું ઉદઘાટન ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ કરશે તેમ સૂત્રો જણાવી રહ્યા છે.

ગુજરાતમાં વિજય રૂપાણી ની સરકાર હાલમાં વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૯ ની તડામાર તૈયારીઓમાં વ્યસ્ત બની છે ત્યારે આ મેગા મીટની પહેલા પક્ષનું સંગઠન મહિલા મોરચાના રાષ્ટ્રીય અધિવેશનની તૈયારીઓમાં વ્યસ્ત બન્યું છે.

## કાશ્મીરના ૧૩૨ યુવાનો ગાંધીનગરના મહેમાન બનશે

### 'વતન કો જાનો' કાર્યક્રમ અંતર્ગત કાશ્મીરી યુથ એકસચેન્જના ભાગરૂપે યુવાનો આવશે : સાંસ્કૃતિક વારસા તથા કલાનું આદાન પ્રદાન કરશે : ઐતિહાસિક સ્થળો તથા મહત્વના વ્યકિત વિશેષની મુલાકાત લેશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં આગામી સપ્તાહે ધરતી પરના સ્વર્ગ ગણાતા કાશ્મીરમાંથી ૧૩૨ યુવાનો મહેમાનગતિ માણવા પધારી રહ્યા છે. ભારત સરકારના યુવા કાર્યક્રમ દ્વારા અને ખેલ મંત્રાલય તથા ગૃહ મંત્રાલય પુરસ્કૃત 'વતન કો જાનો' કાર્યક્રમ અંતર્ગત કાશ્મીરી યુથ એકસચેન્જ પ્રોગ્રામના ભાગરૂપે આ કાશ્મીરી યુવાનો પધારી રહ્યા છે.

નહેરુ યુવા કેન્દ્ર સંચાલિત યુથ હોસ્ટેલ ખાતે તા. ૨૪મી નવેમ્બરના રોજ કાશ્મીર યુવાનોનું આગમન થશે. જેઓ તા. ૩૦મી નવેમ્બર સુધી શહેરમાં રોકાશે અને તે દરમિયાન તેઓ ગુજરાતના વિવિધ ઐતિહાસિક, સાંસ્કૃતિક, ઔદ્યોગિક અને ધાર્મિક મહત્વ ધરાવતા સ્થળોની મુલાકાત લશે તેમજ ગુજરાતી નાગરિકો,અગ્રણીઓ વગેરે સાથે વાર્તાલાપ કરશે અને રાજયના મહાનુભાવો જેવા કે રાજયપાલ, મુખ્યમંત્રી સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે મુલાકાત પણ કરશે. આ સાથે યુવાનો તેમની કલા સંસ્કૃતિનું પ્રદર્શન પણ કરશે અને સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ જાગૃતિ, યોગ નિદર્શન જેવા સેવાકીય જાગૃતિ લક્ષી કાર્યક્રમોમાં પણ ભાગ લેશે.

કાશ્મીરી યુથ એકસચેન્જ કાર્યક્રમ હેઠળ ગાંધીનગર આવતા આ યુવાનો કાશ્મીરના અનંતનાગ, કુપવારા, બારામુલ્લા, બડગામ, શ્રીનગર અને પુલવામા જિલ્લામાંથી પધારી રહ્યા છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને શાંતિના સંદેશનો પ્રસરાવવો, બંને રાજયો વચ્ચેના સંસ્કૃતિ વારસાનું આદાન પ્રદાન કરવું, ટુરિઝમ-ડેરી ડેવલોપમેન્ટ, હસ્તકળા સહિત વિવિધ રચનાત્મક કાર્યક્રમ અંગે માર્ગદર્શન પ્રાપ્ત થાય તથા રાષ્ટ્રભાવના વિકસે તે માટેનો છે. આ યુવાનો તેમના રોકાણ દરમિયાન સાબરમતી આશ્રમ, દાંડી કુટિર, વિધાનસભા, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સુઘડ ખાતે સેનીટેશન સેન્ટર, અડાલજની વાવ, મધુર ડેરી વગેરેની મુલાકાત લશે.

સમગ્ર કાર્યક્રમની સફળતા માટે નહેરુ યુવા કેન્દ્રના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથાર, નિયામક અશ્વિનકુમાર કૌશિક, યુવા અગ્રણીઓ કશ્યપ નિમાવત, સમીર રામી, સંજીવ મહેતા, જયેશ ચૌધરી પ્રયત્નશીલ રહેશે તેમજ તાજેતરમાં નહેરુ યુવા કેન્દ્રના ઉપાધ્યક્ષ તરીકે નિમાયેલા પ્રદિપસિંહ વાઘેલા પણ માર્ગદર્શન પુરું પાડશે.

## આવતીકાલે વરદાયિની માતાજી મંદિર રૂપાલમાં ૨૫૫૧ દિવડાઓની દિપમાલા

ગાંધીનગર, તા.૨૧

કારતક સુદ પુનમ એટલે કે દેવદિવાળીના દિવસે દેવ મંદિરોમાં વિશેષ આયોજન કરવામાં આવે છે વિવિધ રોશનીઓ તથા દિવડાઓથી મંદિરોને શણગારવામાં આવે છે ત્યારે રૂપાલ ગામના વરદાયિની માતાજીના મંદિરે દેવદિવાળી નિમિત્તે અનોખી રીતે અન્નકૂટ ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ સાંજે ૬ કલાકે ૬૫૧ દિવાઓની આરતી કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામો ભાવિક ભકતો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત મંદિર પરિસરમાં ૨૫૫૧ દિવડાઓની દિપમાલા પણ કરવામાં આવશે. રાત્રે ડાયરાનું પણ આ પ્રસંગે આયોજન કરવામાં આવ્યું છે. તો આ તમામ ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા ભકતજનોને વરદાયિની માતા દેવસ્થાન સંસ્થાન દ્વારા જણાવવામાં આવ્યું છે.

## અવસાન નોંધ

● સેકટર-૨-ડી, પ્લોટ નં. ૧૬૫૮/૧ ખાતે નિવાસી જીતેન્દ્રકુમાર કનૈયાલાલ ભાવસારનું દુઃખદ અવસાન થતા સદગતનું બેસણું તા. ૨૨મી નવેમ્બર ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાને રાખવામાં આવ્યું છે.

● સેકટર-૩-સી, પ્લોટ નં. ૧૪૭૦/૧ ખાતે નિવાસી અલકાબેન દિલીપસિંહ ગોહિલનું આજરોજ દુઃખદ અવસાન થવા પામ્યું છે. સદગતનું બેસણું તા. ૨૨મી નવેમ્બરે ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન તેના નિવાસસ્થાને રાખવામાં આવ્યું છે.

## એકટીવા પર વિદેશી દારૂની ખેપ મારતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર એલસીબીની ટીમે કોલવડા ગામમાંથી એક્ટિવામાં વિદેશી દારૂની ખેપ મારતા શખ્સને ઝડપી પાડ્યો છે. પીઆઈ તરલ ભટ્ટની ટીમના પીએસઆઈ વી. એમ. ઝાલા, હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ અને દિપકુમાર તથા પોલીસ કોન્સ્ટેબલ નરેશકુમાર પેટ્રોલીંગમાં હતા ત્યારે દિલીપસિંહને બાતમી મળી હતી કે કોલવડા ગામમા રાજપુત રામજી મંદિરની બાજુમાં રહેતો સુરેન્દ્રસિંહ ઉર્ફે શંભુ બહાદુરસિંહ વાઘેલા એક્ટિવામાં દારૂની હેરફેર કરે છે. જેના આધારે એલસીબીની ટીમે તેને એક્ટિવા નંબર જીજે



૧૮ સીએન ૦૦૩૭માં દારૂની હેરફેર કરતાં ઝડપી પાડયો હતો. શંભુ પાસેથી ચાર બોટલ વિદેશી દારૂ મળી આવી હતી. તે અંગે પુછતાછ કરતા તેણે આ દારૂ બુટલેગર નરેશભાઈ રવજીભાઈ રાવળ (રહે-કોલવડા હુકડો)પાસેથી લાવ્યો હોવાનું કહ્યું હતું. પોલીસે હાલ ૨ હજારનો વિદેશી દારૂ અને ૩૫ હજારની કિંમતનું એક્ટિવા કબ્જે કરી આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

## સે-૮નાં મકાનમાં દરોડો પાડીને પોલીસે રમ ની બોટલો પકડી

શહેરના સેક્ટર-૮ ખાતે પ્લોટ નંબર ૩૭૪/એ-૧માં વિદેશી દારૂની બોટલો પડી હોવાની બાતમીના આધારે સેક્ટર-૭ પોલીસે મકાનમાં દરોડો પાડયો હતો. મોડી સાંજે દરોડો પાડતા મકાનમાંથી ૫ બોટલ રમ મળી આવ્યો હતો. પોલીસે રમની ૫ બોટલ સાથે મનીષ દશરથ દરજી નામના શખ્સની ધરપકડ કરી રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ. ૪૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો અને આ રમ ની બોટલ ક્યાંથી લાવ્યો હતો અને વેપલો કરતો હતો કે કેમ તે સહિતની ઊંડી પૂછપરછ શરૂ કરી છે.

## આવતીકાલે અખિલ ગુજરાત ચારણ-ગઢવી સમાજ ટ્રસ્ટનું સ્નેહમિલન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ દ્વારા વિક્રમ સંવત વર્ષ ૨૦૭૫ના નૂતન વર્ષનું સ્નેહમિલન તથા તેજસ્વી તારલાઓના સન્માન, વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપનારનું સન્માન, બઢતી નવી નિમણુંક તેમજ નિવૃત્ત થનાર કર્મચારીઓના સન્માનનો કાર્યક્રમ તા. ૨૩મી નવેમ્બર શુક્રવારે સાંજે ૪.૩૦ કલાકે સે-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજવામાં આવ્યો છે.

અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટના સ્નેહમિલન તથા વિવિધ સન્માન કાર્યક્રમમાં સમારંભના પ્રમુખ પદે સંસ્થાના પ્રમુખ સમરથદાન ઝુલા, અતિથિ વિશેષ પદે ગાંધીનગરના જિલ્લા કલેકટર એસ.કે. લાંગા, સુરત ચારણ (ગઢવી) શકિત સમાજના પ્રમુખ રાજેશભાઈ ઠાકરીયા, બાળરોગના સેવાભાવી તબીબ ડૉ. કિરીટ એસ. મોડ, ગાંધીનગરના એડીશનલ એસ.પી. ભગીરથભાઈ ગઢવી ઉપસ્થિત રહેશે. દેવદિવાળીના શુભ દિવસે આયોજિત આ કાર્યક્રમમાં સમાજના તેજસ્વી તારલાઓ ઉપરાંત વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ યોગદન આપનાર સભ્યો, નિવૃત્તો, યશસ્વી કારકિર્દી ધરાવનાર પ્રતિભા સંપન્ન વ્યકિત વિશેષોનું સન્માન કરવામાં આવશે. સન્માન અંગેની વિગતોની જાણ ટ્રસ્ટના પ્રતિનિધિ અજીતદાન ગઢવી, નરહરદાન દેથા અને મહેશદાન રત્નુંને સમયસર કરવા સાથે સમાજના સભ્યોને સપરિવાર ઉપસ્થિત રહેવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર પ્રહલાદજી મંગાજી, ઉ.વ. ૬૨
- સ્વ. મથુરજી કલાજી ઠાકોર, ઉ.વ. ૬૫